### પોલીસે હાઈ-ટેક ડ્રોન કેમેરાથી ફાર્મ હાઉસ અને ધાબા પર મોનિટરિંગ કર્યું

# નડિયાદમાં શોખીનોને પકડવા ડ્રોન ઉડાડ્યાં

**ખેડા જિલ્લામાં** થર્ટીફર્સ્ટની ઉજવણી કરતાં શોખીનો પર પોલીસની 'બાજ નજર' રહી


તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.31
નડિયાદમાં નવા વર્ષની ઉજવણીમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ખેડા જિલ્લા પોલીસે એક વિશેષ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. નશાની હાલતમાં મજાક-મસ્તી કરનારા અને અસામાજિક તત્વોને ડામવા માટે પોલીસે આ વખતે પરંપરાગત પેટ્રોલિંગની સાથે આધુનિક ડ્રોન ટેકનોલોજીનો સહારો લીધો છે, જેનાથી નિયમોનું ઉલ્લંઘન કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

નડિયાદના નાયબ પોલીસ અધિક્ષક દ્વારા સ્થાનિક પોલીસની હાજરીમાં ડ્રોન કેમેરાનું સફળ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ હાઈ-ટેક ડ્રોન પાંચ કિમીની વિશાળ રેન્જ ધરાવે છે અને 500 મીટરની ઊંચાઈએ ઉડીને ઝીણવટભરી વિગતો એકત્રિત કરી શકે છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ ડ્રોન અંધારામાં પણ શંકાસ્પદ હિલચાલ ઝડપી પાડવા માટે સક્ષમ છે, જે રિયલ-ટાઈમ મોનિટરિંગ દ્વારા પોલીસને તુરંત કાર્યવાહી કરવામાં મદદ કરશે.

ખેડા જિલ્લામાં આવેલા અંતરિયાળ ફાર્મ હાઉસ, કેનાલ કિનારાના વિસ્તારો અને રહેણાંક મકાનોના ધાબા પર થતી ગેરકાયદેસર દારૂની મહેફિલો પોલીસના મુખ્ય ટાર્ગેટ પર છે. પોલીસ ટીમો આ વિસ્તારોમાં સતત ગતિશીલ રહેશે અને જો કોઈ પણ બિનઅધિકૃત પ્રવૃત્તિ જણાશે, તો ડ્રોન ફૂટેજના આધારે તુરંત દરોડા પાડવામાં આવશે.

શાંતિપૂર્ણ ઉજવણી માટે સઘન ચેકિંગ જિલ્લાના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. પોલીસનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો ભયમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં નવા વર્ષની ઉજવણી કરી શકે તેવો છે. પોલીસે જાહેર જનતાને પણ કાયદાનું પાલન કરવા અને પોલીસને સહકાર આપવા અપીલ કરી છે.

# ન્યૂ યર પાર્ટીની આડમાં ઐયાસી કરતાં તત્વો સામે પગલાં ભરાશે

**પોલીસે ફાર્મ હાઉસ,** પાર્ટી પ્લોટ માલિકો સાથે આગોતરી મીટીંગ યોજી



(પ્રતિનિધિ) આણંદ, તા. 31
ન્યૂ યર પાર્ટીના નામે થતી નશાખોર ઐયાશીઓને ડામાવા આણંદ પોલીસ તંત્ર ચોકન્નું બન્યુ હતુ..જે અંગે પોલીસે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં આવેલ હોટલ,ગેસ્ટ હાઉસ,ફાર્મ હાઉસ પાર્ટી પ્લોટના માલિકો સાથે આગોતરી મીટીંગ યોજી ગાઈડલાઈન જાહેર કરી હતી.

ન્યુ યર પાર્ટીની ગેરકાનુની પ્રવૃતીઓને રોકવા આણંદ જીલ્લા પોલીસતંત્ર અગાઉથી જ ચોકન્નું બન્યુ હતુ..પોલીસે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં આવેલ હોટલ,ગેસ્ટ હાઉસ,ફાર્મ હાઉસ પાર્ટી પ્લોટના માલિકો સાથે આગોતરી મીટીંગ કરી ગાઈડલાઈન જાહેર કરી હતી..જે અન્વયે કાર્યક્રમના સ્થળ પરના મુખ્ય પ્રવેશદ્વાર પર સીસીટીવી લગાવવાની ફરજીયાત ગાઈડ લાઈન અપાઈ હતી..તે સાથે ગાઈડલાઈનમાં કોઈને અડચણરૂપ ન થાય તે પ્રકારની યોગ્ય પાર્કીગ વ્યવસ્થા રાખવાની પણ ભલામણ કરાઈ હતી.. તેમજ ફરજીયાત પણે પાર્ટીમાં આવાનાર તમામના નામ સરનામા અને મોબાઈલ નંબર સાથેના ઓળખકાર્ડ સાથેના સરકારી દસ્તાવેજોની નકલ મેળવવાની જોગવાઈ કરાઈ હતી.તે સાથે નોઈસ પોલ્યુશન રુલ્સ એન્ડ કોન્ટ્રોલના નિયમોનું પાલન કરી ડીજે સાઉન્ડ સીસ્ટમ રાત્રે 10 વાગ્યે બંધ કરવાનું જણાવવામાં આવ્યુ હતુ.તેમજ ન્યુ યર પાર્ટીમાં કોઈપણ નશાયુકત માદક દ્રવ્યો કેફી પીણા કે કેફી પદાર્થનો ઉપયોગ નહી કરવાની કડક સુચના અપાઈ હતી.ત્યારે પાર્ટીમાં કોઈપણ પ્રકારની ગેરકાનુની પ્રવૃતી જણાઈ આવશે. તો ફાર્મ હાઉસ માલિક તથા આયોજક વિરૂધ્ધ કાર્યવાહી કરવાના જિલ્લા પોલીસ તંત્રએ આદેશો જાહેર કર્યા હતા.

### સિંચાઇ વિભાગનું 'કાચું' કામ દબાણકર્તાઓએ કર્યું 'પાકું'

# લુણાવાડાની કોલીયા કેનાલ પર ભૂમાફિયાઓનો અડિંગો

**મોટા માથાઓ સામે** કાર્યવાહી કરવામાં તંત્ર નમાલું સાબિત થયું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.31
મહીસાગર જિલ્લાના લુણાવાડા-શામળાજી હાઈવે પર આવેલી કોલીયા કારવા માયનોર કેનાલ પર ભૂમાફિયાઓએ વર્ષોથી કબજો જમાવી સરકારી જમીન પચાવી પાડી છે. સિંચાઈ વિભાગ દ્વારા ગત 20મી મેના રોજ પોલીસ કાફલા અને જેસીબી મશીનો સાથે દબાણ હટાવવાની જે જોરશોરથી કામગીરી શરૂ કરવામાં આવી હતી, તે સાત મહિના બાદ માત્ર 'દેખાડો' સાબિત થઈ છે. તંત્રની રહેમનજર હેઠળ હવે આ કેનાલ પર નવા પાકા કોમર્શિયલ બાંધકામો શરૂ થઈ ગયા છે, જે વહીવટી તંત્રની નબળી કામગીરીની ચાડી ખાય છે.

લુણાવાડા-શામળાજી મુખ્ય રસ્તા પર આવેલી આ કેનાલ પર ભૂમાફિયાઓએ કેનાલ પૂરીને ગેરકાયદેસર શોપિંગ સેન્ટરો, દુકાનો અને સોસાયટીમાં જવાના રસ્તાઓ બનાવી દીધા હતા. આ અંગે લાંબી રજૂઆતો બાદ જ્યારે સિંચાઈ વિભાગ હરકતમાં આવ્યું, ત્યારે માત્ર ગણતરીના દબાણો હટાવી સંતોષ માની લીધો હતો. આ કામગીરીમાં ભારે પક્ષપાત જોવા મળ્યો છે, જેમાં સામાન્ય દબાણકર્તાઓ સામે કાર્યવાહી થઈ પરંતુ એસ.આર. પેટ્રોલ પંપ અને સિંચાઈ વિભાગના જ પૂર્વ અધિકારી દ્વારા કરાયેલા દબાણો સામે તંત્રએ આંખ આડા કાન કર્યા છે. હાલની સ્થિતિ એવી છે કે દબાણકર્તાઓ હવે કેનાલ પર પાકું બાંધકામ કરી તેને 'ભૂગર્ભ કેનાલ'માં ફેરવી રહ્યા છે, જેથી ભવિષ્યમાં સરકારી જમીન પર પોતાનો હક્ક મજબૂત કરી શકાય. સિંચાઈ વિભાગ માત્ર નોટિસો ફટકારીને પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ રહ્યું છે, જે તંત્ર અને ભૂમાફિયાઓ વચ્ચેની સાંઠગાંઠ હોવાની આશંકા જન્માવે છે.

# આણંદ જુના એસટી ડેપોના જાહેર શૌચાલય બંધ કરાયાં

**શૌચાલય બંધ કરાયા** બાદ મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા ન કરાતાં મુશ્કેલીઓ

(પ્રતિનિધિ) આણંદ તા 30
આણંદ શહેરના જુના એસ ટી ડેપો પર જાહેર શૌચાલયને નવિન બનાવવા અને તેને રિનોવેશન કરવાની કામગીરી થોડા દિવસો પહેલા શરૂ કરવામાં આવી હતી. પરંતુ જાહેર શૌચાલયની મરામત કરવાની કામગીરી હાથ ધરાતાં છેલ્લાં એક મહિનાથી જાહેર શૌચાલય ને બંધ કરવામાં આવતાં અપડાઉન કરતાં મુસાફરો ખુબ જ મુશ્કેલી વેઠવી પડી રહી છે.

બસ ડેપોમાં શૌચાલય બંધ રહેતાં મજબુર અશક્ત વૃધ્ધ કે મહિલાઓને શૌચાલય જવા માટે ડેપો દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન કરાતાં હાલાકીનો સામનો કરવો પડે છે. આ અંગે જુના એસ ટી ડેપોના સુત્રોએ જણાવ્યું હતું કે હાલમાં ચાલી રહેલી કામગીરી વેહલી તકે પૂરી થાય જેથી મુસાફરીને હાલાકી ન ભોગવવી પડે તે માટે તાત્કાલિક ધોરણે કામગીરી કરવામાં આવશે. મહિલાઓ કે વૃદ્ધ મુસાફરો ને ડેપોના કર્મચારીઓ ના સ્ટાફ શૌચાલયનો ઉપયોગ કરે તેવી વ્યવસ્થા અમારા કર્મચારીઓ દ્વારા કરવામાં આવનાર છે.

જુના એસ ટી ડેપો પરના જાહેર શૌચાલય છેલ્લા એક મહિનાથી બંધ કરવામાં આવતાં અનેક મુસાફરો જાહેરમાં શૌચક્રિયા કરવા મજબૂર બન્યા છે. મુસાફરો અને અપડાઊન કરતાં મુસાફરોમાં જાહેર શૌચાલય બંધ કરાતાં રોષ જોવા મળે છે.વહેલી તકે શૌચાલય શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# બોરસદ-આંકલાવ તાલુકાના વિકાસ કામો પૂર્ણ કરવા તાકીદ

**એટીવીટીના** બાકી કામોનું પ્રાંત અધિકારી દ્વારા વિગતવાર રીવ્યુ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) બોરસદ તા 31
પ્રાંત કચેરી બોરસદ ખાતે આગામી નાણાકીય વર્ષ 2026-27 માટે એટીવીટી (ATVT)ના આયોજન બાબતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આંકલાવ તથા બોરસદ તાલુકાના ક્લસ્ટર અધિકારીઓ તેમજ એટીવીટીના સભ્યો હાજર રહ્યા હતા. બેઠકનો મુખ્ય હેતુ આગામી વર્ષની વિકાસ યોજનાઓનું સમયસર અને ગુણવત્તાપૂર્વક આયોજન કરવો તેમજ ગયા વર્ષોમાં બાકી રહેલા કામોની પ્રગતિની સમીક્ષા કરવાનો હતો.

આ બેઠકમાં અધિકારીઓ દ્વારા આગામી વર્ષ માટેના એટીવીટી હેઠળ આવનાર વિવિધ વિકાસકાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠા, સ્વચ્છતા, ગ્રામ વિકાસ તેમજ જાહેર સુવિધાઓ સંબંધિત કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રાંત અધિકારી દ્વારા સૂચન કરવામાં આવ્યું કે તમામ યોજનાઓ લોકોના હિતને કેન્દ્રમાં રાખીને, જરૂરિયાત મુજબ અને સમયબદ્ધ રીતે અમલમાં મૂકવામાં આવે.

આ બેઠકમાં ખાસ કરીને પાછલા વર્ષોના એટીવીટીના બાકી કામોનું વિગતવાર રીવ્યુ કરવામાં આવ્યું હતું. કેટલાંક સ્થળોએ કામોમાં થયેલી વિલંબની સ્થિતિ, વહીવટી અડચણો તથા મેદાની સમસ્યાઓ અંગે ચર્ચા કરી, તેના ઝડપી નિવારણ માટે સ્પષ્ટ સૂચનો આપવામાં આવ્યા હતા. અધિકારીઓએ બાકી રહેલા તમામ કામો સત્વરે પૂર્ણ કરવા માટે કડક સૂચના આપી અને સમયમર્યાદા નક્કી કરીને કામગીરી પૂર્ણ કરવાની જવાબદારી સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવી હતી. આ બેઠકમાં એ પણ જણાવવામાં આવ્યું કે આગામી સમયમાં વિકાસ કાર્યોની સતત મોનિટરિંગ કરવામાં આવશે અને પ્રગતિ અહેવાલ નિયમિત રીતે રજૂ કરવો ફરજિયાત રહેશે. ગુણવત્તા સાથે કોઈ સમાધાન નહીં કરવામાં આવે તેવી સ્પષ્ટ ચેતવણી પણ આપી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સરદાર પટેલ યુનિવર્સિટીના વિમેન્સ સ્ટડીઝ સેન્ટર દ્વારા વસ્ત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના મણિબેન પટેલ વિમેન્સ સ્ટડીઝ સેન્ટર દ્વારા દત્તક લીધેલ રવિપુરા ગામે 'વસ્ત્ર વિતરણ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. નિરંજન પટેલ અને રજિસ્ટ્રાર ડો. ભાઈલાલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું હતું. 'વસ્ત્ર બેંક પ્રોજેક્ટ' હેઠળ ગામના જરૂરિયાતમંદ લોકોમાં ૨૦૦ થી વધુ વસ્ત્રોનું વિતરણ કરી સામાજિક જવાબદારીનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. હોમસાયન્સ તથા સોશિયલ વર્ક વિભાગના સ્ટાફ અને રવિપુરા ગામના અગ્રણીઓના સહકારથી આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

### નડિયાદમાં શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર દ્વારા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરાયું



**આણંદ |** શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર દ્વારા માનવીય સેવાના ભાગરૂપે નડિયાદ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સેવાકાર્ય અંતર્ગત સેવકોએ સંતરામ મંદિર, રેલ્વે સ્ટેશન, મોટા સોમનાથ મહાદેવ તેમજ નવા માખણપુરા, ફતેપુરા અને સારસા ગામ જેવા વિસ્તારોમાં જઈને ધાબળા અર્પણ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા અગાઉ પણ ફુડ વિતરણ, તાડપત્રી, રેઈનકોટ અને ચંપલ વિતરણ જેવી અનેક પ્રશંસનીય પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. આમ, સંસ્થાના સેવકો દ્વારા વિવિધ સ્થળોએ રૂબરૂ જઈને માનવતા લક્ષી ઉત્કૃષ્ટ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### વણસોલ સતાવીસ પાટીદાર સમાજના અગ્રણી ભીખુભાઈપટેલનોઅભિવાદનસમારોહઉજવાયો



**આણંદ |** વણસોલ સતાવીસ પાટીદાર સમાજ દ્વારા સેવાભાવી અગ્રણી ભીખુભાઈ પટેલના 75મા જન્મવર્ષ નિમિત્તે ભાલેજ ખાતે 'અમૃતપર્વ અભિવાદન સમારોહ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેમના જીવનની સંઘર્ષગાથા અને સમાજલક્ષી કાર્યો દર્શાવતી વિશેષ વીડિયો ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગણેશદાસજી મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા અને ભીખુભાઈનું સન્માનપત્ર દ્વારા ભાવભીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્નેહીજનોની ઉપસ્થિતિમાં કેક કટિંગ અને આભારવિધિ સાથે આ મંગલમય સમારોહ હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થયો હતો.

### આણંદ ફાયર બ્રિગેડ દ્વારા ઉત્તરસંડા ITI ખાતે ફાયર અવેરનેસ મોકડ્રિલ યોજાઈ



**આણંદ |** કરમસદ - આણંદ ફાયર સર્વિસીસ દ્વારા આઈટીઆઈના 75 વિદ્યાર્થીઓ અને 3 શિક્ષકોને ફાયર સેફ્ટી અંગેની પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ ટીમે કટોકટી સમયે રેસ્ક્યુ માટેના ઈક્વિપમેન્ટનું પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન કરી સૌને માહિતગાર કર્યા. યુવા પેઢીમાં જાગૃતિ લાવવા માટે શહેરની તમામ સ્કૂલ-કોલેજોમાં આ પ્રકારની ફાયર અવેરનેસ ટ્રેનિંગ આપવાનું આયોજન રાખવામાં આવ્યું હતું.

### માતરની શંકરપુરા પ્રાથમિક શાળામાં સરપંચ દ્વારા તાકીદે બોર બનાવવાની કામગીરી શરૂ



**માતર |** માતર તાલુકાના સિંજીવાડા તાબે આવેલી શંકરપુરા પ્રાથમિક શાળામાં છેલ્લા ઘણા સમયથી વિદ્યાર્થીઓને પડતી પીવાના પાણીની તકલીફ દૂર કરવામાં આવી છે. શાળાના આચાર્ય દુષ્યંતભાઈએ આ ગંભીર સમસ્યા અંગે ગ્રામ પંચાયતના સરપંચ મનોજસિંહ ભગવાધારીને રૂબરૂ બોલાવી સ્થિતિથી વાકેફ કર્યા હતા. બાળકોની મુશ્કેલીને પ્રાધાન્ય આપી સરપંચે તાત્કાલિક ધોરણે શાળા સંકુલમાં નવો બોર બનાવવાની કામગીરી શરૂ કરાવી છે. પીવાના પાણીની સુવિધા મળતા જ બાળકોમાં આનંદની લહેર જોવા મળી રહી છે.

### દાવોલની ડી.આર. પટેલ હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ ગણવેશનું વિતરણ કરાયું



**બોરસદ |** દાવોલ ગામની જનપદ કેળવણી મંડળના મંત્રી રાકેશભાઈ કાંતિભાઈ પટેલ (જય અંબે રૂફ વર્કસ) દ્વારા શાળાના વિદ્યાર્થીઓને 20 હજાર રૂપિયાના સ્પોર્ટ્સ ગણવેશ અર્પણ કરવામાં આવ્યા હતા. આ ગણવેશ વિતરણનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ખેલ મહાકુંભ તથા અન્ય રમતગમતની સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. દાતાના આ સહયોગથી શાળાના બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેમની રમતગમત પ્રત્યેની રુચિમાં વધારો થયો હતો. આ શાળાના આચાર્ય ગોમેશભાઈ પટેલ તથા સ્પોર્ટ્સ શિક્ષક ઉપેન્દ્રભાઈએ મંત્રીના ઉમદા અને પ્રેરણાદાયી કાર્ય બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### કપડવંજમાં ગોકુલનાથજી મંદિરમાં શ્રીવ્રજ દુલ્હે પ્રભુનો 171મો પાટોત્સવ ઉજવાશે





**કપડવંજ |** શ્રીમદ ચતુર્થ પીઠ ગોકુલ સંલગ્ન કપડવંજના શ્રી ગોકુલનાથજી મંદિરમાં બિરાજમાન શ્રી વ્રજ દુલ્હે પ્રભુનો 171મો પાટોત્સવ છઠ્ઠી જાન્યુઆરીના રોજ ભક્તિભાવપૂર્વક ઉજવાશે. આ મંગલ દિને મંદિરમાં શ્રીજીને રાજભોગમાં તિલક કરવામાં આવશે અને શયન દર્શન બાદ કીર્તન સમાજનું વિશેષ આયોજન રાખવામાં આવ્યું છે. સંવત 1911માં સ્થાપિત આ ઠાકોરજીના ઉત્સવ નિમિત્તે રક્ષાબેન સતીશભાઈ પરીખ પરિવારના સૌજન્યથી દશા પોરવાડ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યાજી ગોપાલભાઈ અને જીતેશભાઈ પુરોહિતના જણાવ્યા અનુસાર, વૈષ્ણવાચાર્યની આજ્ઞાથી પધરાવાયેલા પ્રભુના આ ઉત્સવની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

### કપડવંજની કોલેજમાં NEP 2020 અંતર્ગત 'ઓનર્સ' ડિગ્રી અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે.એસ. આર્ટ્સ અને વી.એમ. પારેખ કોમર્સ કોલેજમાં સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ માટે નવી શિક્ષણ નીતિના અભ્યાસક્રમ અંગે સેન્સેટાઈજેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તજજ્ઞ ડો. આશિષ વસાવાએ માર્ગદર્શન આપ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ મુજબ 3 વર્ષ બાદ વધારાનું ચોથું વર્ષ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને 'ઓનર્સ'ની ડિગ્રી પ્રાપ્ત થશે. જ્યારે કાર્યકારી આચાર્ય પ્રો. એ.બી. પન્ડાના સ્વાગત પ્રવચન અને ડો. જે.બી. બોડાત તથા ડો. રીટાબેન રાણાએ શૈક્ષણિક માળખા વિશે માહિતગાર કર્યાં હતાં.

### કપડવંજની કોલેજમાં વિદેશ અભ્યાસ અને રોજગાર લક્ષી માર્ગદર્શન સેમિનાર યોજાયો



**કપડવંજ |** કપડવંજની શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કોમર્સ કોલેજમાં પેટા પ્રાદેશિક રોજગાર કચેરીના ઉપક્રમે વિદેશ અભ્યાસ અને રીઝ્યુમ બિલ્ડિંગ અંગે વિશેષ સેમિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાત અંજનાબેન પટેલે વિદ્યાર્થીઓને પાસપોર્ટ, વિઝા પ્રક્રિયા, સરકારી લોન અને વિદેશ અભ્યાસના નામે થતી છેતરપિંડીથી બચવા માટેના મહત્વના સૂચનો આપ્યા હતા. રોજગાર કચેરી દ્વારા અનુબંધમ પોર્ટલ અને સરકારી રોજગારલક્ષી યોજનાઓ વિશે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને કારકિર્દીના વિવિધ વિકલ્પોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આચાર્ય પ્રો. એ.બી. પંડાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોફેશનલ રીઝ્યુમ તૈયાર કરવાની કળા વિશે સમજૂતી અપાઈ હતી.

### ડભોઉ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના લેબ ટેકનીશિયનનો વિદાય સમારંભ યોજાયો




**સોજિત્રા |** ડભોઉ ગામે આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા લેબ ટેકનીશિયન ગિરીશભાઈ સુથારની વય નિવૃત્તિ નિમિત્તે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલે હાજરી આપી નિવૃત થતા કર્મચારીને સ્મૃતિ ભેટ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ધારાસભ્યે ગિરીશભાઈના ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરી નિવૃત્તિ બાદ પણ સમાજમાં આરોગ્યલક્ષી સેવાઓ આપતા રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને સ્ટાફ મિત્રોએ ગિરીશભાઈની સેવાઓને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદ સાહિત્ય પરિવાર દ્વારા પ્રથમ સ્નેહમિલન અને કવિસંમેલનનું શાનદાર આયોજન




**આણંદ |** આણંદમાં ડો. ભગીરથ બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને આણંદ સાહિત્ય પરિવાર દ્વારા પ્રથમ સાહિત્યિક સ્નેહમિલન અને કવિસંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. કલ્પેશ પટેલ અને દિગ્વિજયભાઈ પાઠક જેવા મહાનુભાવોની ઉપસ્થિતિમાં અનેક સ્થાનિક કવિઓએ પોતાની સ્વરચિત કાવ્યરચનાઓ રજૂ કરી કવિમંચ શોભાવ્યું હતું,. રાકેશભાઈ પાઠક અને તેમની ટીમ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુજરાતી ભાષાનો પ્રચાર-પ્રસાર કરી સાહિત્યને ઉજાગર કરવાનો રહ્યો છે.